# ઉત્તર ગુજરાત વિશ્વના બજારોમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે સિક્કો જમાવશે : મુખ્યમંત્રી

*ગાંધીનગર, તા. ૨૬*

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજે મહેસાણા જિલ્લાના વડનગર નજીક હિન્દુસ્તાનના જેવા ખાદ્ય પદાર્થોના રૂપાંતરનો ફૂડ પ્રોસેસિંગનો હિન્દુસ્તાનમાં સૌથી મોટો પ્લાન્ટ કાર્યરત કર્યો છે. આ ખેતઉદ્યોગ પૂર્વ-મહેસાણામાં જણાવ્યું કે ફૂડ પ્રોસેસિંગના વિશ્વ બજારોમાં ઉત્તર ગુજરાત પોતાનો સિક્કો જમાવશે.

મુખ્યમંત્રીશ્રીએ આગામી



સૌથી મોટા એગ્રો ઈન્ડસ્ટ્રીઝના ફૂડપ્રોસેસિંગ પ્લાન્ટ હિમાલયા ફ્રેશનું ઉદઘાટન કરતાં જણાવ્યું હતું કે આ પ્રકારના ખાદ્ય પેદાશોના કૃષિઉદ્યોગ ઉત્તર ગુજરાતના સુકા વિસ્તારોની ખેતીની અને લાખો કિસાનોની જિંદગી બદલી નાંખશે.

વડનગરના સુલતાનપુરમાં હિમાચલ પ્રદેશની વિશ્વખ્યાત ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મે. હિમાલયા ઈન્ટરનેશનલે રૂા. ૧૭૦ કરોડના ખર્ચે મશરૂમ-યોગર્ટ-મીલ્કચીઝ અને પોટેટો ચીપ્સ, ફ્રેન્ચ ફ્રાયઝ ઉદ્યોગોથી પછાત વિસ્તારમાં પહેલો ઔદ્યોગિક પ્રોજેકટ છે જે ઉત્તર ગુજરાતની ખેતી અને ખેડૂતની જિંદગીમાં નવી રોનક લાવી દેશે એમ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું.

મશરૂમની ખેતીને પ્રોત્સાહિત કરવા ૧૦,૦૦૦ કિસાનોને આ ખેત-ઉદ્યોગ દ્વારા સહભાગી બનાવાશે તેની હિમાલયા ઉદ્યોગના સંચાલક શ્રી મનમોહન મલિકની જાહેરાતને આવકારતાં મુખ્યમંત્રીશ્રીએ છઠ્ઠી મેથી સમગ્ર ગુજરાતમાં શરૂ થઈ રહેલા કૃષિમહોત્સવનું અભિયાન સફળ બનાવવા ભરનાળે રાજ્ય સરકારના એક લાખ જેટલા કર્મયોગીઓ, વૈજ્ઞાનિકો અને સરકારના મંત્રીઓ, પદાધિકારીઓ ખેતરે-ખેતરે ખેડૂતો સાથે બેસીને કૃષિવિકાસ, કૃષિઉદ્યોગ અને પશુસંવર્ધનના વૈજ્ઞાનિક પ્રયોગો અને પ્રગતિશીલ કૃષિ અર્થતંત્ર માટે પુરૂષાર્થ કરશે એમાં જોડાઈ જવા તેમણે આહ્‌વાન આપ્યું હતું.

# દામા પાસે જીપ પલ્ટી ખાતાં બેનાં મોત : ૪ ઈજાગ્રસ્ત

ડીસા, તા. ૨૬

ડીસાથી થરાદ ખાતે લોકાચાર જઈ રહેલા માળી પરિવારને નડેલા અકસ્માતમાં બે વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ચાર ઈસમોને વત્તી ઓછી ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસાથી માળી પરિવારના સભ્યો આજરોજ કમાન્ડર જીપ (નં. જીજે-૬-એક્સ-૯૪૩૫)માં થરાદ લોકાચાર જઈ રહ્યા હતા ત્યારે થરાદ હાઈવે પર ગાડીમાં ટેકનિકલ ખામી સર્જાતા ફંગોળાઈને પલ્ટી ખાતા તેમાં બેઠેલા ઈશ્વરભાઈ સામજીભાઈ માળી (રહે. ધુળીયાકોટ, ડીસા), મનસુખભાઈ હરીરામ માળી (રહે. બેકરીકુવા રાજપુર)ને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી. ભરતજી ઠાકોર (રહે. મોટા કાપરાજ હીરાભાઈ માળી (રહે. ધુળીયા કોટ



ડીસા), ભગવાનભાઈ માળી (રહે. ધુળીયા કોટ ડીસા)ને પણ વધતી ઓછી ઈજાઓ થવા પામી હતી. આ ઘટનાની જાણ લોકોએ ૧૦૮ ને કરતા પાયલોટ ધર્મેશ વાગડીયા અને ઈએમટી જયદિપ ત્રિવેદી તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેમાં ગંભીર ઈજાગ્રસ્ત ઈશ્વરભાઈ માળી અને મનસુખભાઈ માળી પૈકી એકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે એક સારવાર અર્થે ખસેડતા પહેલા રસ્તા વચ્ચે દમ તોડ્યો હતો. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને ડીસાની સરકારી હોસ્પિટલમાં તેમજ વધુ ઈજાગ્રસ્તોને ત્યાંથી અન્ય જગ્યાએ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે મગનભાઈ દેવસીભાઈ માળી રહે. ભોપાનગરની ફરીયાદના આધારે પોલીસે જીપચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાની જાણ લોકોને થતાં લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

# 'ગૌરવનું ગુરૂ શિખર'નો પાલનપુરમાં લોકાર્પણ

ગાંધીનગર, ૨૬

બનાસકાંઠાના નાગર રત્ન અને નાગર જ્ઞાતિનું ગૌરવશ્રી વિશ્વનાથ ડોલરરાય હાથી (હાથી કાકા)ની તેમના પુત્રો શ્રી જયંતભાઈ, શ્રી દિનેશભાઈ અને ડૉ. માર્તંડભાઈ તથા કુ, સુધાબેને તૈયાર કરેલ પુસ્તક 'ગૌરવ ગુરૂ શિખર'ના લોકાર્પણ ભૂતપૂર્વ મુખ્ય સચિવશ્રી પી.કે લહેરીના હસ્તે પાલનપુર મુકામે તા. ૨૨મી એપ્રિલે યોજાયો હતો.

બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળના પ્રમુખશ્રી શિરીષભાઈ મોદી મુખ્ય મહેમાન તરીકે અને શ્રી હરિસિંહ ચાવડા પૂર્વ સાંસદ અતિથિ વિશેષ પદે તથા શ્રી એસ.એસ. વાઘેલા નિવૃત્ત અધિક કલેકટરશ્રી ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તકને કલાત્મક ઓપ આપનાર શ્રી ગીરીશભાઈ ઠાકર, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પ્રણેતા શ્રી રમણિકભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન ખ્યાતનામ શાયર શ્રી મુસાફિર પાલનપુરીએ કરેલ હતું. કાકાની વિદાયને આજે ૨૨ વર્ષ થયા હોવા છતાં પાલનપુરીઓના હૃદયમાં જીવંત છે. તેની પ્રતિતી આ પ્રસંગેથી થતી હતી.

# સુંદરપુર ગામે આઇશ્રી ખોડિયાર મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૬

આઈશ્રી ખોડિયાર મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સુંદરપુર તરફથી આઈશ્રી ખોડિયાર મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૭મી એપ્રિલથી તા. ૨૯મી એપ્રિલ સુધી સુંદરપુર મુકામે યોજાનાર છે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના યજ્ઞના આચાર્યપદે શ્રી બાલકૃષ્ણભાઈ (વસાઈ-ડાભલા) પ્રતિષ્ટા મહોત્સવ કરાવશે.

તા. ૨૭મી એપ્રિલના રોજ દેહ શુધ્ધિ, પંચાગ કર્મ, યજ્ઞનો મંડપ પ્રારંભ પ્રવેશ થશે. બપોરે દેવસ્થાપન પૂજ્યવિધિ, અગ્નિ સ્થાપન વિધિ યોજાશે.

તા. ૨૮મી એપ્રિલ પ્રાતઃ પૂજનવિધિ જલયાત્રા/શોભાયાત્રા, જલાધિવાસ, ધૃતાધિવાસ, અન્નાધિવાસ, દેવસ્થાપન, સાંય પૂજન આરતી થશે.

તા. ૨૯મી એપ્રિલ પ્રાતઃ પૂજન વિધિ, રાજોપચાર, વાસ્તુપૂજન, યજ્ઞની પુર્ણાહૂતિ શ્રીફળ હોમવનો, આરતી કાર્યક્રમ યોજાશે.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

પ્રાણ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન તરીકે શ્રી ગોકળભાઈ મગનભાઈ પરિવાર રહેશે. ગણપતિદાદાના યત્રના મુખ્ય યજમાન શ્રી મણીભાઈ માધવભાઈ રહેશે.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગ્રામલોકોએ ઉત્સાહથી દાનની જોળી છલકાવીને કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

# મોડાસાની પરિણિતાએ સાસરિયાઓના ત્રાસથી પોલીસ ફરિયાદ નોંધાવી

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના મોડાસા ખાતે આવેલા ચાંદ ટેકરી પર રહેતી નજમાબાનુએ પોતાના સાસરિયાઓ દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ અપાતો હોવાની ફરિયાદ હિંમતનગર મહિલા પોલીસમથકે નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આશરે છ એક વર્ષ પહેલા મોડાસાની ચાંદ ટેકરી ખાતે ઈશ્હાકભાઈ નાથુભાઈ મુલતાનીની પત્ની નજમાબાનુને ઈશ્હાકભાઈ નાથુભાઈ મુલતાની, હબીબભાઈ, શરીફભાઈ, ઈકબાલભાઈએ પોતાના પિતાને ત્યાંથી ૬૦,૦૦૦ રૂ. મકાન બનાવવા માટે મંગાવ્યા હતા. આ બાબતે ખૂબ જ દુઃખ આપતા હતા. શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. આ બાબતે હિંમતનગર મહિલા પોલીસમથકે તા. ૨૬મી એપ્રિલ-૨૦૧૨ને સવારે ૮.૧૫ કલાકે ઈશ્હાકભાઈ નાથુભાઈની પત્ની નજમાબાનુએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે હિંમતનગર મહિલા પોલીસમકના હેડકોન્સ્ટેબલ દક્ષાબા અનિરૂદ્ધસિંહે આઈપીસી કલમ ૪૯૮, ક. ૩૨૩, ૧૧૪ દહેજ ધારા કલમ ૩, ૪ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


# શામળાજી નજીક ટેન્કર ચાલકે બાઈક સવારને અડફેટે લેતાં યુવાનનું મોત

હિંમતનગર, તા.૨૬

શામળાજી નજીક આવેલી મંગલમૂર્તિ હોટલ આગળ ગુરૂવારે બપોરન સુમાર એક ટેન્કર અને મોટરસાઈકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર સાઈકલ સવાર ભિલોડા તાલુકાના યુવાનનું ટેન્કર નીચે કચડાઈ જતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. બનાવ અંગે શામળાજી પોલીસે અકસ્માત ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવ અંગે રૂબરૂ સ્થળ ઉપરથી પ્રાપ્ત વિગતો મુજબ ભિલોડા તાલુકાના હરિપુરા ગામના નિતિનભાઈ કાન્તિલાલ રાવલ ગુરુવારે બપોરના સુમારે બજાજ પલ્સર મોટર સાઈકલ નંબર જીજે-૩ડીએલ ૩૦૩૪ લઈ શામળાજી તરફ આવી રહ્યા હતા. દરમિયાનમાં મંગલમૂર્તિ હોટલ આગળ હાઈવે રોડમાં પાછળથી આવતા ટેન્કર નંબર એમએચ-૪૩ ઈ ૭૬૨૮ના ચાલકે ટેન્કર ઉપરનો કાબુ ગુમાવી મોટર સાઈકલ ચાલકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવાન નિતિનભાઈનું ટેન્કર નીચે કચડાઈ જતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું કરૂણ મોત નિપજયું હતું. બનાવની જાણ શામળાજી પોલીસને થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**સેન્ટ્રલ પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટ**

**ટેન્ડર આમંત્રિત**

નાયબ નિયામક, બાગાયત, બાગાયત વિભાગ, મુંબઈ, સીપીડબલ્યુડી, મુંબઈ દ્વારા ભારતના રાષ્ટ્રપતિ વતી લાયકાત ધરાવતા અને નોંધાયેલા સીપીડબલ્યુડી કોન્ટ્રાકટરો પાસેથી વિવિધ બાબતોના રેટ ટેન્ડરો ઓનલાઈન મંગાવવામાં આવે છે.

**૧. કામનું નામ :-** એચએસડી/જીએનઆર/ગુજરાત હેઠળની અમદાવાદ સ્થિત વિવિધ કચેરીઓના બગીચાઓની પૂર્ણ સારસંભાળનું કામ વર્ષ ૨૦૧૨-૧૩ માટે, **અંદાજિત કિંમત :** રૂ. ૫,૮૯,૩૪૮/- **અર્નેસ્ટમની :-** રૂ. ૧૧,૭૮૭/-

**૨. કામનું નામ :** ગાંધીનગર, ગુજરાત સ્થિત જીસીસીઆરપીએફના રહેણાંકના ક્વાર્ટસ સાથે જોડાયેલા બગીચાઓની પૂર્ણ સારસંભાળનું કામ વર્ષ ૨૦૧૨-૧૩ માટે : **અંદાજિત કિંમત :-** રૂ. ૫,૦૧,૯૪૦/-, **અર્નેસ્ટમની :** રૂ. ૧૦,૦૩૯/-

**૩. કામનું નામ :** ગાંધીનગર, ગુજરાત સ્થિત જીસીસીઆરપીએફની જી.સી. ઓફીસ, ક્વાર્ટર ગાર્ડ, ઓફીસર મેસ, હોસ્પિટલ બિલ્ડીંગ, ૧૩૫ સાથે જોડાયેલ બગીચાની પૂર્ણ સારસંભાળનું કામ વર્ષ ૨૦૧૨-૧૩ માટે, **અંદાજિત કિંમત :** રૂ. ૯,૧૯,૯૦૮/-, **અર્નેસ્ટમની :** રૂ. ૧૮,૩૯૮/-

**૪. કામનું નામ :** અમદાવાદ, ગુજરાત સ્થિત સ્વ. શ્રી મોરારજી દેસાઈ (ભારતના પૂર્વ પ્રધાનમંત્રી)ના સમાધિસ્થળ અભયઘાટના બગીચાની પૂર્ણ સારસંભાળ વર્ષ ૨૦૧૨-૧૩ માટે, **અંદાજિત કિંમત :** રૂ. ૭,૦૫,૫૮૭/-, **અર્નેસ્ટમની :** રૂ. ૧૪,૧૧૨/-

**બધા જ કામોને પૂર્ણ કરવાનો સમય ગાળો :** ૧૨ (બાર) મહિના, **બીડ જમા કરાવવાની છેલ્લી તારીખ :** ૧૪-૫-૨૦૧૨ના રોજ બપોરે ૩ વાગ્યા સુધી.

ટેન્ડર ફોર્મ અને વધુ વિગતો વેબસાઈટ http://www.tenderwizard.com/CPWD or http://cpwd.gov.in પર ઉપલબ્ધ છે.

## ૨૦૧૩માં યોજાનાર સમીટ દરમિયાન જીજેટીસીઆઈએ જવેલરી પ્રદર્શન સેમીનાર યોજવા દરખાસ્ત કરી

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં આગામી જાન્યુઆરી ૨૦૧૩માં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ દરમિયાન અમદાવાદમાં જવેલરી પ્રદર્શન અને સેમિનાર યોજવા માટેની એક દરખાસ્ત જેમ્સ એન્ડ જવેલરી ટ્રેડ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ કરી છે.

રાજ્યમાં ઔદ્યોગિક મૂડીરોકાણ આકર્ષવા માટે રાજ્ય સરકારે આગામી જાન્યુઆરી ૨૦૧૩માં ઈન્વેસ્ટર્સ સમીટ યોજવાનો નિર્ણય કર્યો છે અને આ સમીટના આયોજન અને તૈયારી માટે એક ઉચ્ચકક્ષાની કોર કમીટીની પણ રચના કરવામાં આવી છે.

જાન્યુઆરી ૨૦૧૩માં યોજાનાર ઈન્વેસ્ટર્સ સમીટ દરમિયાન અમદાવાદ ખાતે જવેલરી પ્રદર્શન અને સેમિનાર યોજવા માટેની દરખાસ્ત જેમ્સ જવેલરી ટ્રેડ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ ગુજરાત સરકારને કરી છે.

જીજેટીસીઆઈએ તેની દરખાસ્તમાં જણાવ્યું છે કે દેશમાં જેમ્સ અને જવેલરી ઉદ્યોગમાં ગુજરાતનો હિસ્સો ખુબ જ મોટો છે. આ ક્ષેત્રને આગળ ધપાવવા અને તેના પ્રશ્નોના નિરાકરણ માટે આ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થા જેમ્સ અને જવેલરીના પ્રદર્શનો અને સેમિનાર યોજવામાં અગ્રેસર રહી છે.

આ સંસ્થાએ સૌ પ્રથમ ૨૦૦૪માં પ્રથમ જવેલરી શૉ નું આયોજન કર્યું હતું અને ત્યાર બાદ સફળતાપૂર્વક બીટુબી અને બીટુસી શૉ યોજવામાં આવ્યા હતાં. આ સંસ્થાએ સૌ પ્રથમ બીટુબી જવેલરી પ્રદર્શન ગુજરાતમાં કરેલ ત્યારે મોટી સંખ્યામાં રીટેઈલરોએ ભાગ લીધો હતો.

## રાજ્યમાં ૨૪ જિલ્લા ૨૨૫ તાલુકાઓમાં મતદાર સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવશે

રાજ્યના ૨૪ જિલ્લાઓ અને ૨૨૫ તાલુકામથકોએ ચૂંટણી પંચ દ્વારા મતદાર સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે જે ચૂંટણી સુધી કાર્યરત રહેશે. ચૂંટણી પંચ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગામી ડિસેમ્બર-૨૦૧૨માં યોજાનારી છે. આ ચૂંટણી માટેની પૂર્વ તૈયારીઓ ચૂંટણી પંચ દ્વારા આરંભી દેવામાં આવી છે.

૧લી જૂન-૨૦૧૨થી રાજ્યભરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમ દરમ્યાન મતદાર યાદીમાં નવા નામો દાખલ કરવા મતદારયાદીમાં રહેલી ક્ષતિઓને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આગામી ૧૫મી મેથી રાજ્યના ૨૪ જિલ્લાઓ અને ૨૨૫ તાલુકા મથકોએ મતદાર સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે. આ સુવિધા કેન્દ્રો ચૂંટણી સુધી કાર્યરત રાખવામાં આવનાર છે. જિલ્લા કલેક્ટર કચેરીઓ અને તાલુકા મથકોએ શરૂ કરવામાં આવનાર મતદાર સુવિધા કેન્દ્રો ખાતે જો મતદારના મતદાર ઓળખપત્રમાં કોઈ ક્ષતિ હોઈ, ઓળખપત્ર ગુમ થઈ ગયું હોઈ અને ડુપ્લીકેટ કઢાવવું હોય અથવો તો મતદારયાદીમાં નામ ન હોવા સહિતના પ્રશ્નોના નિવારણ અને મદદરૂપ થવા માટે આ મતદાર સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે.

**જાહેર નિવિદા નં. ૨૫ સને ૨૦૧૧-૨૦૧૨નો સુધારો-૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજમહેલ, પીન કોડ નં. ૩૮૪૦૦૧ (ટેલીફોન નં. ૦૨૭૬૨)૨૨૧૩૫૬) મહેસાણા દ્વારા પ્રસિદ્ધ કરવામાં જાહેર નિવિદા નં. ૨૫ સને ૨૦૧૧-૧૨ના કામની ઓનલાઈન ડાઉનલોડ અને સબમીશન કરવાની તારીખો નીચે મુજબ સુધારવામાં આવે છે.

| | |
|---|---|
| ઓન લાઈન ડાઉનલોડ તથા સબમીશનની છેલ્લી તારીખ | અ.નં. ૧ અને ૨ની તા. ૪-૫-૨૦૧૨ના ૧૮.૦૦ કલાક સુધી |

નિવિદાની અન્ય વિગતો યથાવત રાખવામાં આવે છે. સદર ટેન્ડર વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર જોઈ શખાશે.

ક્રમાંક : નામાનિ/મહે/૨૬/સુધારો/૧૨-૧૩

**ટેન્ડર નોટીસ નં.૧/૨૦૧૨-૧૩**

**ઔદ્યોગિક તાલીમ સંસ્થા, વિસનગર, જિ. મહેસાણા**

આથી અધિકૃત એજન્સીઓ પાસેથી મહેસાણા જિલ્લાની નોડલ સંસ્થા વિસનગરના તાબા હેઠળ આવતી સરકારી આઈ.ટી.આઈ.ઓ તથા ગ્રાન્ટેડ સંસ્થાઓ માટે આઉટ સોર્સીંગથી વિવિધ સફાઈ કામદાર / સીક્યુરીટી જેવી વર્ગ-૪ની જગ્યાઓની સુવિધા વ્યવસ્થાપન માટે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ જાહેર રજાના દિવસ સિવાય સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન તા. ૪-૫-૨૦૧૨ સુધીમાં સંસ્થા ખાતેથી રૂબરૂમાં મળી શકશે. તથા ટેન્ડર અંગેની સઘળી માહિતી ટેન્ડર સાથે આપવામાં આવશે. ટેન્ડર ફી રૂ. ૫૦૦/- છે. ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૪-૫-૨૦૧૨ના રોજ ૧૬-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને તા. ૫-૫-૨૦૧૨ના રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા
વિસનગર

ક્રમાંકઃનામાનિ/મહે/૨૫/૨૦૧૨-૧૩

"કૌશલ્ય દ્વારા ઔદ્યોગિક ક્રાંતિ"

**નામ બદલેલ છે**

મારું નામ પનારા ગોવિંદભાઈ પ્રહલાદભાઈ હતું તે બદલીને પનારા શશીકાન્ત પ્રહલાદભાઈ રાખેલ છે.

લી.
પનારા શશીકાન્ત પ્રહલાદભાઈ
પ્લોટ નં. ૬૮૧/૧,
સે.૭/બી, ગાંધીનગર

**અટક બદલેલ છે**

મારું નામ અટક કુમારી સરોજબેન ચુનીલાલ સુરાણી હતું તે અટક બદલીને શ્રીમતી સરોજબેન શશીકાન્ત પનારા રાખેલ છે.

લી.
સરોજબેન શશીકાન્ત પનારા
પ્લોટ નં. ૬૮૧/૧,
સે.૭/બી, ગાંધીનગર

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ • વીટ્રીફાઈડ ટાઈલ્સ • સિરામિક ફ્લોર ટાઈલ્સ • એકવાઆર્ટ • વોલ ક્લેડીંગ • માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
• સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ,
• વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
• જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન